પાકિસ્તાનના વડાપ્રધાન તરીકે નવાઝ શરીફ નિશ્ચિત

ઈસ્લામાબાદ,તા. ૧૨

પાકિસ્તાન મુસ્લિમ લીગ (પીએમએલ-એન)ને પાકિસ્તાનમાં યોજાયેલી ઐતિહાસિક ચૂંટણીમાં શાનદાર જીત મળી છે. આની સાથે જ આ પાર્ટીના વડા નવાઝ શરીફ ત્રીજી વખત દેશના વડાપ્રધાન બનવા જઈ રહ્યા છે. તેમની વડાપ્રધાન તરીકે તાજપોશી તરીકેનો તમ્રો ગોઠવાઈ ચુક્યો છે. વાતચીતનો સીલસીલો પણ શરૂ થઈ ચુક્યો છે. પાકિસ્તાનના રાજકારણમાં નવાઝ શરીફની જીત ખૂબજ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. નવાઝ શરીફ એવા સમયે પાકિસ્તાનનું નેતૃત્વ કરવા જઈ રહ્યા છે જ્યારે પાકિસ્તાનની હાલત આર્થિક અને રાજકીય રીતે કફોડી બનેલી છે. ઘણા બધા પડકારો તેમની સામે રહેલા છે. તાલિબાનના આતંકવાદીઓ ફરી માથુ ઉંચકી રહ્યા છે. હજુ સુધી મળી રહેલા પ્રવાહ મુજબ નવાઝ શરીફની પાર્ટીને ૧૩૦ કરતા પણ વધારે બેઠકો મળી શકે છે જ્યારે ઈમરાનખાનની પાર્ટી તહેરિકે ઈન્સાફને ૩૭થી વધુ બેઠકો પ્રવાહ મુજબ મળી રહી છે. પીપીપીને ૩૫ બેઠકો પર લીડ છે. લાહોર સ્થિત પોતાના આવાસ પર ઉત્સાહિત સમર્થકોને સંબોધન કરતા નવાઝ શરીફે કહ્યુ હતુ કે પીએમએલ-એનની જીત થઈ રહી છે. લોકોને અંતિમ પરિણામો માટે દુઆ માંગવા પણ શરીફે અપીલ કરી હતી. અંતિમ પરિણામ આવતીકાલે જાહેર થઈ જાય તેવી શકયતા છે. શરીફે કહ્યુ હતુ કે અંતિમ પરિણામો તેમની પાર્ટી માટે સ્પષ્ટ બહુમતી લઈને આવશે. નબળા ગઠબંધનનું નેતૃત્વ તેમને ન કરવું પડે તેવી સ્થિતિ સર્જાય તે જરૂરી છે. ભૂતપૂર્વ વડાપ્રધાને કહ્યુ હતુ કે પરિણામ દર્શાવે

છે કે તેમની પાર્ટી સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરી રહી છે. તેમણે એમ પણ કહ્યુ હતુ કે તેઓ પાકિસ્તાનમાં હાલમાં રહેલી ઘણી સમસ્યાઓને દૂર કરવા પ્રયાસ કરશે જેમાં વિજળીની સમસ્યાને દૂર કરવા, અર્થવ્યવસ્થાને પાટા પર લાવવા, ભ્રષ્ટાચારને નાબૂદ કરવા, ભારત સાથે મંત્રણા પ્રક્રિયાને પુનઃ શરૂ કરવાની બાબતનો સમાવેશ થાય છે. ભારત સાથેની મંત્રણા પ્રક્રિયા એ સ્થિતિથી ફરી શરૂ થશે જ્યાંથી તેઓએ છોડી હતી. સાથે બેસીને સમસ્યાઓનો ઉકેલ લાવવામાં આવશે. સૂત્રોએ કહ્યુ હતુ કે પાકિસ્તાનમાં સામાન્ય બહુમતિ મેળવવા માટે કોઈ પણ ગઠબંધન અથવા પાર્ટીને નેશનલ એસેમ્બલીની ૨૭૨ બેઠકોપૈકી ૧૩૭સીટ મેળવવાની જરૂર પડે છે. વડાપ્રધાન તરીકે તેમને દૂર કરવામાં આવ્યાના ૧૩ વર્ષબાદ નવાઝ શરીફ ઐતિહાસિક સામાન્ય ચૂંટણીમાં વિજેતા જાહેર થયા છે. વડાપ્રધાન તરીકે દૂર કરીને તેમની ધરપકડ કરાઈ હતી અને તેમને અપમાનિત કરીને સાઉદી અરબિયા મોકલી દેવાયા હતા. પાકિસ્તાનના ૬૬ વર્ષના ઈતિહાસમાં ચૂંટાયેલી સરકાર દ્વારા બીજી સરકારને સત્તા સોંપનાર છે. શનિવારે ચૂંટણી યોજાઈ હતી. પીએમએલ-એન ૧૨૫ સીટ મેળવી લેતેવી શક્યતા છે. ગઠબંધન સરકારની રચના કરવામાં આવશે. નવાઝ શરીફ સાફ શબ્દોમાં કહી ચુક્યા છે કે ભારત અને પાકિસ્તાન વચ્ચેના સંબંધો સામાન્ય બનાવવાના પ્રયાસ થશે. ૧૯૯૮માં પરમાણુ પરિક્ષણ કરવામાં આવ્યા બાદ નવાઝ શરીફે તેમના તત્કાલિન ભારતીય વડાપ્રધાન અટલબિહારી વાજપેઈ સાથે મળીને સંબંધો સામાન્ય બનાવવાના પ્રયાસ કરાયા હતા.

નક્સલવાદી હુમલામાં ત્રણ પોલીસ જવાન શહીદ થયા

રાયપુર,તા. ૧૨

છત્તિસગઢના માઓવાદીગ્રસ્ત બસ્તર જિલ્લામાં કરવામાં આવેલા હુમલામાં ત્રણ પોલીસ જવાન શહીદ થયા છે અને અન્ય એક પોસીને ઈજા થઈ છે. નક્સલવાદીઓએ પોલીસ ટુકડી પર હુમલો કરીને સનસનાટી મચાવી હતી. આજે સવારે માઓવાદીઓ દુરદર્શન ટીવી ટાવર હુમલો કર્યો હતો.

બસ્તર રેંજના આઈજીએ માહિતી આપતા કહ્યું છે કે જિલ્લામાં પારપા પોલીસ સ્ટેશન હેઠળના મારેના ગામાં દુરદર્શન ટીવી ટાવર હુમલો કરવામાં આવ્યો હતો. જેમાં ત્રણ પોલીસ જવાન શહીદ થયા હતા. જ્યા હુમલો કરવામાં આવ્યો હતો તે મારેન્ગા ગામ જિલ્લા હેડક્વાટર્સ જગદલપુરથી ૧૫ કિલોમીટરના અંતરે સ્થિત છે. એક ઘાયલ થયેલા જવાનને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. હુમલાખોરોને શોધી કાઢવા માટે પ્રદેશમાં પોલીસે વધુ તીવ્ર તપાસ કામગારી હાથ ધરી હતી. વધારાના સુરક્ષા જવાનો પણ તૈનાત કરવામાં આવ્યા છે. દેશના કેટલાક રાજ્યો વર્ષોથી માઓવાદી હિંસાના સંકજામાં રહ્યા છે જેમાં છત્તિસગઢ ઉપરાંત, ઝારખંડ, બિહાર, મહારાષ્ટ્રનો સમાવેશ થાય છે. માઓવાદી હિંસાને રોકવા માટે સરકારે પોતાની રીતે તમામ પ્રયાસ કર્યા હોવા છતાં આ સમસ્યાનો કોઈ ઉકેલ આવ્યો નથી. માઓવાદી સામે લડવા હમેંશા વધારે રકમની ફાળવણી કરવામાં આવે છે સાથે સાથે વધુ જવાનો પર અસરગ્રસ્ત વિસ્તારોમાં તૈનાત કરવામાં આવે છે છતાં નક્સલવાદીઓ તેમની હાજરી નિયમિત ગાળામાં હુમલા કરી સાબિત કરે છે.

કર્ણાટકના મુખ્યમંત્રી તરીકે સિદ્ધારામૈયાના આજે શપથ

બેંગ્લોર,તા. ૧૨

કર્ણાટકમાં વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસે જોરદાર સપાટો બોલાવીને ૧૨૧ બેઠકો જીતી લીધા બાદ આવતીકાલે સોમવારે કર્ણાટકના મુખ્યમંત્રી તરીકે કે સિદ્ધારામૈયાની તાજપોશી કરવામાં આવનાર છે પરંતુ સિદ્ધારામૈયા સામે અગ્નિ કસોટીની સમય હવે શરૂ થશે. કારણ કે કર્ણાટક વિધાનસભાની ચૂંટણીમાં શાનદાર જીત મેળવ્યા બાદ પ્રધાનપદ મેળવવા માટે ૬૦થી વધુ પક્ષના ધારાસભ્યો જોરદાર લોબી ચલાવી રહ્યા છે. આવી સ્થિતિમાં આ ૬૦પૈકી ૩૨ લોકોને ખુશ રાખવા અને બાકીના લોકોને ખાતાઓ આપ્યા વગર તેમની સાથે રાખવાની બાબત સિદ્ધારામૈયા માટે પડકારરૂપ રહેશે. ૬૪ વર્ષીય સિદ્ધારામૈયાને

આવતીકાલે રાજ્યપાલ એચ આર ભારદ્વાજ મુખ્યમંત્રી તરીકેના હોદ્દાના શપથ લેવડાવશે. શપથવિધી કાર્યક્રમ બેંગ્લોરના શ્રી કાંતિરાવા સ્ટેડિયમ ખાતે યોજાનાર છે. કેબિનેટનું વિસ્તરણ શપથ વિધીના એક સપ્તાહ બાદ યોજાશે. સિદ્ધારામૈયા મહેસૂલ જિલ્લામાં વરુણા વિધાનસભા મત વિસ્તારમાંથી જીતી ગયા હતા. તેમની સામે કર્ણાટક પ્રદેશ કોંગ્રેસ સમીતિના પ્રમુખ જી પરમેશ્વરાના નેતૃત્વમાં એક જૂથ સહિત તમામ કોંગ્રેસ જૂથોને એક સાથે રાખવાની બાબત સૌથી મોટી રહેશે. તેમને ખુશ રાખવાની બાબત સરળ નહીં બને. કર્ણાટકમાં કેબિનેટનું કદ ૩૨ સુધી જ મર્યાદિત રાખવામાં આવશે. આવી સ્થિતિમાં ૬૦ ધારાસભ્યોની ઈચ્છા પૂરી કરવી ખૂબ સમસ્યારૂપ રહેશે. પ્રધાનપદ મેળવવા ઈચ્છુક લોકોની સંખ્યા ૬૦ ઉપર પહોંચી ચૂકી છે જે પૈકી ૩૫ જૂના છે. ત્રણ ભૂતપૂર્વ કેન્દ્રીય પ્રધાનો પણ છે. કોંગ્રેસ હાઈકમાન્ડ પણ આને લઈને દુવિધાભરી સ્થિતિમાં છે. શપથવિધી આવતીકાલે માત્ર સિદ્ધારામૈયાની કરવામાં આવનાર છે. બાકીના લોકોને મોડેથી શપથ લેવડાવાશે.હાલમાં કર્ણાટકમાં વિધાનસભાની ચૂંટણી યોજાઈ હતી જેમાં તમામ બેઠકોના પરિણામ જાહેર કરી દેવામાં આવ્યા બાદ કુલ ૨૨૩ પૈકી કોંગ્રેસે ૧૨૧ બેઠકોમા જીત મેળવી સાત વર્ષના લાંબા ગાળા બાદ કોંગ્રેસે ફરી સત્તામાં વાપસી કરી હતી.

બેંગલોર બ્લાસ્ટના સંબંધમાં વધુ બે લોકોની ધરપકડ થઈ

બેંગલોર,તા. ૧૨

બેંગલોરમાં ભાજપની ઓફિસ સામે ૧૭મી એપ્રિલના દિવસે થયેલા બોંબ બ્લાસ્ટના સંબંધમાં કોઈમ્બતુરમાંથી બે શખ્સોની ધરપકડ કરવામાં આવી છે. ધરપકડ કરવામાં આવ્યા બાદ બન્ને શખ્સોની પુછપરછ હાથ ધરવામાં આવી છે. પોલીસને આશા છે કે કેટલીક નવી બાબત સપાટી પર આવશે. પોલીસે વિગત આપતા કહ્યું છે કે ૨૨ વર્ષીય સુલ્ફીકાર અલી અને ૨૪ વર્ષીય શબ્બીરની ધરપકડ કરવામાં આવી છે. જિલ્લામાં કુનામકુલ્લમ નજીક કેચેરી ખાતે શબ્બીરના નિવાસસ્થાનથી બન્નેની ધરપકડ કરવામાં આવી છે. બન્ને શખ્સોના મોબાઈલ ફોનના સિગ્નલના આધાર પર હાથ ધરવામાં આવેલી કાર્યવાહી વેળા તેમની ધરપકડ કરવામાં આવી હતી. કર્ણાટક અને તમિળનાડુની પોલીસે સંયુક્ત રીતે તપાસ કરી હતી. વધુ બે શખ્સોની ધરપકડ કરવામાં આવ્યા બાદ આ કેસમાં ઝડપાયેલા શખ્સોની સંખ્યા વધીને ૧૩ ઉપર પહોંચી ગઈ છે. ૧૭મી એપ્રિલના દિવસે કર્ણાટકમાં વિધાનસભાની ચૂંટણી પહેલા થયેલા આ બ્લાસ્ટમાં ૧૧ પોલીસ જવાન સહિત ૧૭ લોકો ઘાયલ થયા હતા. બ્લાસ્ટ બાદ દેશભરમાં એલર્ટની જાહેરાત કરવામાં આવી હતી. બેંગલોર બ્લાસ્ટ પાછળ ત્રાસવાદીઓનો હેતુ શુ હતો તે સંબંધમાં હજુ કોઈ માહિતી મળી નથી. આ બ્લાસ્ટ માટેની કોઈ જવાબદારી કોઈ સંગંઠને ન સ્વીકારતા પોલીસ માટે તપાસ પણ પડકારરૂપ રહી હતી.

ભાજપ કાર્યકરોના વડાપ્રધાન આવાસની બહાર ઉગ્ર દેખાવ

નવી દિલ્હી,તા. ૧૨

રેલગેટ અને કોલગેટના મામલે રેલવે પ્રધાન અને કાયદા પ્રધાનના રાજીનામા બાદ હવે ભાજપના કાર્યકરો વધારે ઉત્સાહમાં આવી ગયા છે. કાર્યકરોએ આજે વડાપ્રધાન મનમોહનસિંહના આવાસની બહાર દેખાવો કર્યા હતા. વડાપ્રધાનના નીવાસસ્થાન નજીક દેખાવો હિંસામાં ફેરવાઈ જતા સેંકડો કાર્યકરોની પોલીસ સાથે ઝપાઝપી થઈ હતી. વડાપ્રધાનના આવાસ તરફ યુવા કાર્યકરો કૂચ કરી રહ્યા હતા ત્યારે પોલીસ સાથે ઝપાઝપી થઈ હતી.

ભાજપના યુવા મોરચાના નેતા અનુરાગસિંહ ઠાકુર અને દિલ્હી ભાજપના વડા વિજય ગોહિલની અટકાયત કરવામાં આવી હતી. વડાપ્રધાન પર રાજીનામુ આપવા દબાણ વધારવાના હેતુથી ભાજપના કાર્યકરો મેદાનમાં આવી ગયા હતા. ભાજપ યુવા મોરચાના કાર્યકરોએ દેખાવો કરતા સ્થિતી તંગ રહી હતી. સ્થિતીને કાબુમાં રાખવા માટે પોલીસે ખાતે રોકી લેવામાં આવ્યા હતા. પોલીસ બેરિકેર તોડી પાડવામાં આવ્યા હતા. સુત્રોચ્ચાર પણ કરવામાં આવ્યા હતા. ઔરંગજેબ રોડથી કૂચ શરૂ થઈ હતી પરંતુ તેમને તુગલક રોડ પોલીસ સ્ટેશન પહેલાથી જ સાવચેતીના તમામ પગલા લીધા હતા. દેખાવકારોને કાબુમાં રાખવા માટે દિલ્હી પોલીસે પહેલાથી જ નવી દિલ્હીમાં કલમ ૧૪૪ લાગુ કરવામાં આવી હતી. ભારે સુરક્ષા વ્યવસ્થા ધરાવનાર વિસ્તાર સુધી જૂલુસ યોજવા અને તેમના આવાસ પર ઘેરાવની યોજનાને ધ્યાનમાં લઈને પહેલાથી જ વડાપ્રધાનના આવાસની નજીક સ્થિત મેટ્રો સ્ટેશનને લોકો માટે બંધ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. મેટ્રોના એક અધિકારીએ કહ્યું હતું કે રેસકોર્સ મેટ્રો સ્ટેશનને સવારે ૧૧ વાગ્યાથી આગામી આદેશ સુધી લોકો માટે બંધ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. ભાજપ યુવા મોરચાના કાર્યકરોએ જાહેરાત કરી હતી કે સંગઠનના અધ્યક્ષ અનુરાગ સિંહ ઠાકુર પણ જોડાયા છે. અનુરાગસિંહે કહ્યું હતું કે આ દેખાવ કરીને અમે માંગ કરી રહ્યા છીએ કે વડાપ્રધાનસિંહ કઈ નિવેદન કરે. અમારી એવી પણ માંગ છે કે કોંગ્રેસ પાર્ટી અને તેમના મંત્રીઓની સામે ભ્રષ્ટાચારના મામલે તપાસ કરવામાં આવે અને તેમની સામે કાર્યવાહી કરવામાં આવે. ભ્રષ્ટાચાર અને કોંભાડની વાવત દરરોજ સાંભળવા મળી રહી છે. ભાજપ અધ્યક્ષ રાજનાથ સિંહે કહ્યું હતું કે તેમની પાર્ટી વોચડોગની ભૂમિકા અદા કરી રહી છે. માર્ગો પર જવા સિવાય અન્ય કોઈ વિકલ્પ દેખાઈ રહ્યો હતો. રાજનાથસિંહે જાહેરાત કરી હતી કે ૨૭મી મેથી બીજી જુન સુધી ભાજપ દેશભરમાં જેલ ભરો આંદોલન કરશે. તમામ જગ્યાઓએ પંચાયતોનુ આયોજન કરવામાં આવશે યુપીએ સરકારની નિતીઓનો પર્દાફાશ કરવા માટે તૈયારી કરી લેવાઈ છે.

ચીન અંગે વલણ સ્પષ્ટ કરવા વડાપ્રધાનને ભાજપનું સૂચન

શ્રીનગર,તા. ૧૨

ભાજપે આજે સાફ શબ્દોમાં કહ્યુ હતુ કે કેન્દ્રની ચીન પ્રત્યેની નીતિને લઈને ઘણી બધી ગૂંચવણો રહેલી છે. વડાપ્રધાન મનમોહનસિંહે સમગ્ર મામલામાં સ્પષ્ટતા કરવી જોઈએ. ભાજપે ચીનની નીતિને લઈને ફરી એકવાર પ્રશ્નો ઉઠાવ્યા છે. ભાજપના પ્રવક્તા પ્રકાશ જાવડેકરે પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યુ હતુ કે વિદેશમંત્રી સલમાન ખુરશીદ અને સંરક્ષણ પ્રધાન એન્ટોની જુદી જુદી ભાષામાં વાત કરી રહ્યા છે. યુપીએ સરકારની આ નીતિના કારણે ઘણી ગૂંચવણભરી સ્થિતિ છે. આ પ્રકારનું વલણ ચલાવી લેવાય નહીં. ચીન જેવા મામલાઓ પર ખૂબજ ગંભીર વલણ અપનાવવામાં આવે તે જરૂરી છે. ચીન પ્રત્યે વ્યૂહાત્મક વ્યૂહરચના તાજેતરના સમયની માંગ છે કારણ કે ચીન એક મહત્વના પડોશીની સાથે સાથે ભારત સામે મોટા પડકારો ઉભા કરી શકે છે. આવી સ્થિતિમાં તેના પ્રત્યે પારદર્શક નીતિ જરૂરી બની છે. ભાજપે અગાઉ પણ ચીનના મામલામાં વડાપ્રધાન મનમોહનસિંહ અને યુપીએ સરકારની ઝાટકણી કાઢી હતી.

ઓછી બેકીંગ સુવિધાના લીધે છેતરપિંડીના કેસો

જાણીતા અર્થશાસ્ત્રીઓએ કહ્યું છે કે ઓછી બેકીંગ સુવિધાઓના પરિણામ સ્વરૂપે લોકો આકર્ષક અને ગેરમાર્ગે દોરતી સ્કીમો તરફ આકર્ષિત થઈ રહ્યા છે જેના કારણે છેતરપિંડી અને ઠગાઈનો શિકાર થયેલા છે. નિષ્ણાંતોનું કહેવું છે કે બેકીંગ સુવિધાઓ ઓછી હોવાથી લોકો ઝડપથી વધારે લાભ મેળવવા માટે બિનજરૂરી અને ધ્યાન આપ્યા વગર આકર્ષક સ્કીમો તરફ વળે છે અને આવી સ્કીમ ચલાવતા લોકો મોટી રકમ ઊભી કર્યા બાદ ફરાર થઈ જાય છે. મોટી બેંકો લોકો સુધી પહોંચી નથી. ગરીબ અને મધ્યમ વર્ગના લોકો બેંકો અને આરબીઆઈ નિયંત્રિત સંસ્થાઓમાં નાણાં રોકાણ કરે તે અતિ જરૂરી છે પરંતુ જનજાગૃતિના અભાવ સ્વરૂપે લોકો છેતરામણી જાહેરાતોમાં ફસાઈ જાય છે.

દિવ્યશકિત રેઈકી (પાના નં. ૪ નું ચાલુ)

વિશ્વ ચેતના સૃષ્ટિની ઉત્પત્તિથી જ આ બ્રહ્માંડમાં પોતાનું અસ્તિત્વ ધરાવે છે, પણ એ ચેતના સાથે જોડનાર કોઇ મહા પુરૂષ આગળ આવ્યા નહીં તેથી એ ચેતના એના સ્થાને નિષ્ક્રીય જ રહી. આજે એ સમય છે કે લોકો જાગૃત થયા છે. અને આવી ચેનતાનો તેઓ ભરપુર ઉપયોગ કરી રહ્યા છે. અને અન્ય લોકોને કરાવી રહ્યાં છે. આ એક ખરેખર આવકારદાયક વાસ્તવિકતા છે.

આમ વ્યક્તિમાં રૂપાંતરની પ્રક્રિયા આપોઆપ ત્યારે જ થાય છે. જ્યારે એમની શુદ્ધ ચેનતા જાગૃત થાય છે. રેઇકીમાં આવી શુદ્ધ ચેનતા જાર્ગત કરવાની ક્ષમતા છે. વ્યક્તિના જીવનમાં નવી જ શક્તિને ભરી દેનાર રેઇકીના સંશોધક ઋષિતુલ્ય એવા ડો. શ્રી મિકાએ ઉસઇને સો સો સલામ કરીએ તો પણ ઓછા જ પડે!

રેઇકી કોઇ ધર્મ નથી, નથી કોઇ સંપ્રદાય, શિખવામાં સરળ એવી આ પ્રક્રિયા એટલી સહજ છે જો વ્યક્તિને આ સર્વવ્યાપી જીવનશક્તિનો અર્થ સમજાઇ જાય ત્યારબાદ એ કદાપી આ ચેતનાથી દૂર રહેવાનું પસંદ નહીં કરે.

અંતમાં રેઇકીની દિક્ષા-શક્તિપાત માટે યોગ્ય ગુરૂની પસંદગી કરવી ખુબ જ જરૂરી છે. હું ખરેખર આજે એ કરેતા ધન્યતા અનુભવું છું કે મને સોનલબેન અને નિમિશભાઇ શાહ જેવા આત્મિક ગુરૂ મળ્યા, કે , જેઓએ ખુબ જ પ્રેમ અને ઉત્સાહથી મારામાં શક્તિપાતની પ્રક્રિયા દ્વારા એક નવી જ ચેતનાની ઓળખ કરાવી. આજે જ્યારે અનેક રેઇકી માસ્ટરો ઉભા થઇ ગયા છે અને માત્ર બે કે ત્રણ કલાકમાં રેઇકીની પ્રથમ ડિગ્રીના શક્તિપાતની દિશા આપી,બીજા જ દિવસે ડીગ્રીની દિશા આપી દે છે! ખરેખર તો રેઇકીની પ્રથમ ડિગ્રીમાં જ ૧૪ થી ૧૫ કલાકનો સમય લાગે છે અને ત્યાર બાદ ૨૧ દિવસની જાતે રેઇકી કરી લીધા બાદ દ્વિતીય ડિગ્રીના શક્તિપાતની પ્રક્રિયા કરવાનો હોય છે.

એક ખોટી ભરતીથી ૨૦ લાખ રૂપિયાનું નુકસાન

નવી દિલ્હી,તા. ૧૨

કર્મચારીઓની પસંદગીમાં ભૂલની વાત કરવામાં આવે તો આ મામલામાં ભારત દુનિયાના ચાર મુખ્ય દેશોમાં સામેલ છે. એક ખોટી ભરતીથી ૨૦ લાખ રૂપિયાનું નુકસાન થાય છે. એક સર્વેમાં આ મુજબની વાત કરવામાં આવે છે. ભારતીય કંપની દ્વારા એક ખોટી ભરતીનો મતલબ ૨૦ લાખ રૂપિયાનો ફટકો છે તે બાબતથી ઘણા લોકો સહમત નથી પરંતુ યોગ્ય તર્ક આપીને આ મુજબની વાત કરવામાં આવી છે. ખોટી નિમણૂંકના નિર્ણય કરવાની શક્યતાના મામલામાં રશિયા સૌથી આગળ છે. ત્યારબાદ બ્રાઝીલ અને ચીનના નંબર આવે છે. ભારત ચોથા સ્થાને છે. અમેરિકા યાદીમાં પાંચમા સ્થાને છે. વૈશ્વિક માનવ સંશાધન સલાહકાર કંપની કેરિયર બિલ્ડરના સર્વેમાં આ મુજબની બાબતનો ખુલાસો કરવામાં આવ્યો છે. આ સર્વે મુજબ રશિયાની ૮૮ ટકા કંપનીઓનું કહેવું છે કે ગયા વર્ષે ખોટી નિમણૂંકથી તેમના પર અસર થઈ છે. બ્રાઝીલની કંપનીઓની સંખ્યા ૮૭ ટકા અને ભારતની કંપનીઓની આ વાત કબૂલનારની સંખ્યા ૮૪ ટકાની આસપાસ છે. અમેરિકામાં ખોટી નિમણૂંકની વાત કરનાર કંપનીઓની સંખ્યા પણ ૬૬ ટકાની આસપાસ છે. સર્વે મુજબ દરેક ૧૦ પૈકી ત્રણ ભારતીય કંપની અથવા તો ૨૯ ટકા કંપનીઓનું કહેવુ છે કે તેમના દ્વારા કરવામાં આવેલી એક ખોટી નિમણૂંકથી સરેરાશ ૨૦ લાખ રૂપિયાનું નુકસાન થાય છે.

હરિયાણામાં હિંસક અથડામણ : એકનું મોત, ૨૫ ઘાયલ

રોહતક,તા. ૧૨

હરિયાણાના રોહતકમાં કરોનથા ગામ નજીક આર્ય સમાજના કાર્યકરો અને પોલીસ વચ્ચે જોરદાર અથડામણ થઈ હતી. અહીં થયેલી હિંસક અથડામણમાં એક યુવાનનું મોત થયુ છે અને અન્ય ૨૫ લોકો ઘાયલ થયા છે. આ અથડામણના કારણે ભારે વિસ્ફોટક સ્થિતિ સર્જાઈ ગઈ હતી અને વધારાના પોલીસ જવાનો તૈનાત કરી દેવામાં આવ્યા હતા. કેટલાક વાહનોને આંગ ચાંપી દેવામાં આવી હતી. સ્થિતિ વણસી જતા પોલીસને હવામાં ગોળીબાર કરવાની ફરજ પડી હતી. આ ઉપરાંત સ્થિતિ કાબૂમાં ન આવતા ટોળા પર પણ ગોળીબાર કરવામાં આવ્યો હતો. બેરાના વડા સંતરામપાલના આશ્રમ તરફ લોકો કૂચ કરી રહ્યા હતા ત્યારે સ્થિતિને કાબૂમાં લેવા માટે પોલીસને ભારે જહેમત ઉઠાવવી પડી હતી.

ઈજાગ્રસ્તોમાં તોફાની ટોળામાં સામેલ લોકો ઉપરાંત પોલીસ જવાનોનો પણ સમાવેશ થાય છે. પોલીસ ગોળીબારમાં આર્યસમાજના એક કાર્યકરનું મોત થયુ હતુ. દેખાવકારોએ એક ગામની સ્કૂલ નજીક મોરચા સંભાળી લીધા હતા. આર્યસમાજના નેતાઓના નેતૃત્વમાં ૩૦૦૦થી વધુ ગામવાળાઓએ ગામના મંદિરમાં મિટિંગ યોજી હતી અને સતલોક આશ્રમ તરફ કૂચ કરી હતી. પોલીસ ઉપર પથ્થરમારો પણ કરવામાં આવ્યો હતો. રોહતક-ઝાંઝર રોડ પર ચાર પોલીસ બસ સહિત ૧૨ વાહનોને આંગ ચાંપી દેવામાં આવી હતી.

સ્થિતિ વધુ વણસી જતા પોલીસને ગોળીબાર કરવાની ફરજ પડી હતી જો કે લોકો આશ્રમ સુધી પહોંચી શક્યા નહતા. દેખાવકારોએ રાજમાર્ગ પર નાકાબંધી કરી હતી.

અનાજનું વિશ્વભરમાં રેકોર્ડ ઉત્પાદન થવાની સંભાવના

નવી દિલ્હી,તા. ૧૨

દેશમાં અનાજ ઉત્પાદન આ વર્ષે તમામ રેકોર્ડ તોડે તેવી શક્યતા દેખાઈ રહી છે. જો કે ભાવ વધારાને લઈને હાલ કોઈપણ વાત મળી રહી નથી. તાજેતરમાં જારી કરવામાં આવેલા આંકડામાં જણાવાયું છે કે માત્ર ભારતમાં જ નહીં બલ્કે વિશ્વમાં આ વર્ષે અનાજમાં રેકોર્ડ ઉત્પાદન થવાની શક્યતા છે. વર્લ્ડ એગ્રીકલ્ચર સપ્લાય એન્ડ ડીમાન્ડના અંદાજમાં જણાવવામાં આવ્યું છે કે વર્ષ ૨૦૧૨-૧૩માં ૬૫૬ મિલિયન ટન ઘઉંના ઉત્પાદનની સામે ૨૦૧૩-૧૪માં ઉત્પાદન ૭૦૧ મિલિયન ટન સુધી પહોંચવાની શકયતા છે. સપ્ટેમ્બર-ઓગસ્ટના ગાળામાં ઘઉં ઉત્પાદન ૭૦૧ મિલિયન ટનની સપાટી ઉપર પહોંચી શકે છે જે વર્ષ ૨૦૧૨-૧૩ના ૬૫૬ મિલિયન ટન ઘઉંના ઉત્પાદન કરતા ૪૫.૫ મિલિયન ટન વધારે છે. સતત દુષ્કાળ અને એપ્રિલ મહિનામાં હિમ વર્ષા છતાં અમેરિકામાં ઉત્પાદનમાં ૭ ટકાનો ઘટાડો થઈ રહ્યો છે. જો કે યુરોપીયન યુનિયન, મધ્ય એશિયા, આર્જેન્ટિના અને ઓસ્ટ્રેલિયામાં ઉત્પાદનમાં વધારો થઈ રહ્યો છે. આગામી દિવસોમાં અનાજ અને તેલિબિયાના રેકોર્ડ ઉત્પાદન થઈ શકે છે. એફએઓ દ્વારા મૂકવામાં આવેલા અંદાજ મુજબ વિશ્વમાં જે ગરીબ પ્રજા છે તેના માટે પણ આ સારા સમાચાર છે. રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે ગયા વર્ષની સરખામણીમાં વધારે વપરાશ પણ આ વખતે રહેશે. વપરાશ ૬૯૪ મિલિયન ટનની આસપાસ રહેશે. જો કે વર્ષ ૨૦૧૧-૧૨માં વપરાશ કરતા ઓછો વપરાશ રહેશે. ભારત માટે પણ અંદાજ ખૂબ સારો છે. ભારતમાં ઘઉં ઉત્પાદન ૯૩.૬ મિલિયન ટનની આસપાસ રહી શકે છે જે વર્ષ ૨૦૧૨ના રેકોર્ડ ઉત્પાદન કરતા થોડોક ઓછો આંકડો છે. ફૂડ એન્ડ એગ્રીકલ્ચર ઓર્ગેનાઈઝેશન (એફએઓ)ના આંકડા દર્શાવે છે કે ઘઉંની કિંમત પ્રતિ ટન ૩૨૪ ડોલર થઈ શકે છે જે એક વર્ષ અગાઉની સરખામણીમાં ૧૬ ટકા વધારે છે. ચોખાના ઉત્પાદનના મામલામાં પણ આંકડો ખૂબ સારો છે. ૨૦૧૩-૧૪માં ચોખાનું ઉત્પાદન ૪૭૯ મિલિયન ટન રહેવાનો અંદાજ છે જે અગાઉના વર્ષ કરતા નવ મિલિયન ટન વધારે છે. ભારત, થાઈલેન્ડ અને વિહતનામમાં ચોખાનું રેકોર્ડ ઉત્પાદન થવા જઈ રહ્યું છે. ચીન વિશ્વના સૌથી મોટા ચોખા આયાતકાળ દેશ તરીકે ઊભરી આવશે. આંતરરાષ્ટ્રીય બજારમાંથી ચીન ત્રણ મિલિયન ટન ચોખાની ખરીદી કરશે. જ્યારે ભારત ૮.૫ મિલિયન ટન ચોખાની નિકાસ કરશે. ચોખાની કિંમત પ્રતિ ટન ૫૮૬ ટન રહેશે જે એક વર્ષ અગાઉની સરખામણીમાં ત્રણ ટકા વધારે છે.

સમાચાર ઝલક

- **છત્તીસગઢ દૂરદર્શન કેન્દ્ર પર નકસલીઓનો હિંચકારો હુમલો ૩ કર્મીઓનાં મોત.**
- **આર્ય સમાજનો સમાજ હટાવતાં રોહતકમાં હિંસા - બેનાં મોત, અનેક ઘાયલ.**
- **ગોંડલ હાઇવે પર કાર સળગી જતાં ત્રણનાં કરૂણ મોત.**
- **વડાપ્રધાનના નિવાસ સ્થાને ભારે દેખાવો.**
- **ચૂંટણીપંચની સૂચના અનુસાર પોલીસ અધિકારીઓની બદલીઓ કરાઇ.**
- **આજ અત્રાતીજ જ અક્ષય તૃતીયા નિમિત્તે સોના ચાંદીની ખરીદી થશે, જગતનો તાત શાનદાર અખાત્રીજ ઉજવશે.**
- **ઉત્તરપ્રદેશમાં જમીનવિવાદમાં એક જ કુટુંબમાં પાંચના ખૂન.**
- **ઇમરાનખાન લાહોરમાં ચૂંટણીમાં પરાજય, કરાંચીમાંથી જીત.**
- **અજમેર ઉર્સમાં સોનિયા ગાંધી અને બાજપાઇએ ચાદર ચઢાવી.**
- **આજે વિશ્વમાં મધર્સ ડેની થયેલી ઉજવણી.**
- **તા. ૧૩મીએ ધોરણ-૧૨ સાયન્સનું ઓનલાઇન પરિમાણ આવશે.**
- **બોરસદ તાલુકામાં બહેરી મુંગી ૧૨ વર્ષની બાળા ઉપર અજાણ્યા શખ્સનો બળાત્કાર.**
- **રેલ લાંચ કૌભાંડની રેલમંત્રી પવન બંસનને જાણકારી હતી : સીબીઆઇ.**
- **પરિવર્તન પાર્ટી પેટાચૂંટણી ઊભી રહેશે નહીં.**
- **પાકિસ્તાનમાં ત્રીજી વખત વડાપ્રધાન બનશે નવાઝ શરીફ, ભારતીય વિદેશ વિભાગે સંબંધ સુધારવાની આશા રાખી.**
- **જમ્મુ કાશ્મીરમાં જવાનોએ મોટા પાયા પર શસ્ત્રો ઝડપ્યા.**